

રક્ષાબંધનનાં પવિત્ર તહેવારે નગરની જાણીતી સંસ્થા જી.ઈ. ક્લબના સભ્યોએ પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પોલીસ ભાઈઓ અને એસ.ટી. સ્ટાફ કર્મચારીઓને રાખડી બાંધી ઉજવણી કરી હતી. રજાના દિવસોએ ફરજ રહેતા આ ભાઈઓને રાખડી બાંધવાની પરંપરા છેલ્લા ૧૦ વર્ષથી જી.ઈ. ક્લબનાં સભ્યો દ્વારા જાળવી રાખવામાં આવી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં રક્ષાબંધનનું પર્વ હર્ષોલ્લાસથી ઉજવાયું

## વહેલી સવારથી મંદિરોમાં દેવદર્શન માટે ભીડ : ભદ્રા નક્ષત્ર યોગના કારણે રક્ષાબંધન બપોર પછી ઉજવાઈ : મિઠાઈની દુકાનો પર લાઈનો લાગી : બ્રાહ્મણોએ નવી જનોઈ ધારણ કરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં આજે ભાઈ-બહેનના હેતપર્વ રક્ષાબંધનની પરંપરાગત રીતે ભારે ઉલ્લાસપૂર્વક માહોલમાં ઉજવણી કરાઈ હતી. જોકે સવારના સમયે ભદ્રા નક્ષત્રનો યોગ હોવાથી રાખડી બાંધવાનું શુભ મુહૂર્ત બપોર પછી હતું. જેના કારણે રક્ષાબંધન બપોર પછી વધુ ઉજવાઈ હતી. નગરના ભૂદેવોએ આજે યજ્ઞોપવિત બદલવાની વિધિ કરી હતી. નગરમાં શ્રદ્ધાળુઓએ દેવદર્શન માટે ભીડ જમાવી હતી અને મહારાષ્ટ્રીયન નગરજનોએ નાળિયેરી પૂનમની ઉજવણી કરી હતી.

વહેલી સવારથી આજે નગરના મંદિરોમાં દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. નગરજનોએ પરિવાર સહિત દેવદર્શન કર્યા હતા. સેક્ટર-૨ ૨માં પંચદેવ મંદિર સહિત તમામ મંદિરોમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યાં હતાં. ભાઈ-બહેનના પવિત્ર તહેવારની નગરમાં પૂર્ણ ઉજવણી કરી હતી. બહેનોએ ભાઈના હાથે રાખડી બાંધી તેમના લાંબા આયુષ્ય માટે કામના કરી હતી. જ્યારે ભાઈઓએ પણ બહેનને અવનવી ભેટ સોગાદો આપી પોતાના હેતનો પરિચય આપ્યો હતો. વહેલી સવારથી જ આ પર્વના કારણે નગરની મિઠાઈઓની દુકાને ભારે ભીડ જોવા મળી હતી. બહેનોએ ભાઈને કંકુ તિલક ચોખા લગાડી જમણા હાથ રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું.

ગાંધીનગરમાં બ્રાહ્મણોએ આજે શ્રાવણી પૂનમ નિમિત્તે જનોઈ બદલવાનો ઉપક્રમ કર્યો હતો. જનોઈ બદલવા માટે નગરના કેટલાક શિવાલયોમાં સામૂહિક વિધિ પણ યોજાઈ હતી. જ્યારે અનેક ભૂદેવોએ પોતાની રીતે ઘરે વિધિ કરીને પણ જનોઈ બદલી હતી. આ ઉપરાંત નગરમાં વસતા મહારાષ્ટ્રીય નગરજનોએ નાળિયેરી પૂનમની પરંપરાગત રીતે ઉજવણી કરી હતી. તાલુકાના ખેડૂતોએ પણ આજે હળપૂજા કરી હતી. રક્ષાબંધનના તહેવારમાં શનિ-રવિની રજા ભળવાથી નગરજનોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો અને સંપૂર્ણ પરિવાર સાથે રક્ષાબંધન ઉજવવાની અનેરી તકનો લાભ ઉઠાવ્યો હતો.

## પરિવાર સાથે હોટલમાં રક્ષાબંધન ઉજવવાનો નવો ટ્રેન્ડ જોવાયો

પવિત્ર પર્વ રક્ષાબંધનની ઉજવણી પણ લોકોએ વિવિધતાથી ભરી દીધી છે. જોવા મળેલી વિવિધતા મુજબ એક જ પરિવારના લગતા સભ્યો એક સ્થળે એકઠાં થઈ ભાઈ-બહેનના આ પર્વને હર્ષોલ્લાસ સાથે ઉજવી ભોજન કરી છુટા પડી સમય, નાણાં અને આનંદ મેળવી સમાજને રાહ ચિંધવાનો પ્રયાસ કર્યો છે. જોકે આ રીતની ઉજવણીને સૌ કોઈએ આવકારી છે અને આગામી સમયમાં આ રીત અપનાવાય તેવી શક્યતાઓ વધી ગઈ છે.

મળેલ વિગત મુજબ રક્ષાબંધનના પર્વમાં બહેન-ભાઈને રાખડી બાંધે તેમજ સાસરીમાં પોતાના પતિને રાખડી બાંધવા એવીલ નણંદોને ઉમળકાભેર આવકારી આગતા સ્વાગતા કરે તે રૂટિન પ્રણાલી બનેલી છે. પરંતુ રક્ષાબંધનના આ પર્વમાં એક નવો જ ટ્રેન્ડ એટલે કે વિવિધતા જોવા મળી છે. જેમાં બહેનોને ભાઈ, નણંદ કે ભાઈ-બહેનના સંબંધ ધરાવતા પરિવારના સભ્યો હોટલ કે અન્ય સ્થળોએ એકઠા થઈ બહેનો ભાઈને રાખડી બાંધે અને સૌ સાથે મળી મિઠાઈ સાથે ભોજનનો આનંદ મેળવી ઉત્સાહ સાથે વિખુટા પડી જાય તે રીતની ઉજવણી કરાઈ રહી છે.

જોકે આ પદ્ધતિથી તહેવારની ઉજવણીમાં સૌ કોઈના સગા એકબીજાને મળી શકે છે અને એક સંયુક્ત પરિવારના સુમેળનો સંદેશ પૂરો પાડે છે. વધુમાં આ વિવિધતાથી દરેક પરિવારના સભ્યોનો સમય, નાણાં અને ઘરની કામગીરીનો બચાવ થયાનો આત્મ સંતોષ જોવા મળ્યો છે. આ વિવિધતાની જાણકારી અન્ય લોકોમાં થતાં સૌ કોઈએ આવકારી છે અને એક પવિત્ર તહેવારની મજાને બમણી થયાનો આનંદ અને સંતોષ પણ વ્યક્ત થઈ રહ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકી જ શરદી, ખાંસી અને તાવની ઝપટમાં આવી ગયા છે.

● ગાંધીનગર જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા આજે વૃદ્ધાશ્રમોમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે સૌથી વધુ મિઠાઈઓનું વેચાણ થવા પામ્યું છે.

● ડુંગળીના ભાવમાં વધારો અસહ્ય થતાં હવે શહેરની કેટલી હોટલોમાં ડુંગળી પિરસવાનું બંધ કર્યુ છે.

● ગાંધીનગરના પ્રસિદ્ધ અક્ષરધામ મંદિર ખાતે શ્રાવણ માસની રાત્રિ સત્સંગ સભામાં શ્રુતિપ્રકાશ સ્વામી ૪થી સપ્ટેમ્બર સુધી અક્ષરપુરુષોત્તમ માહાત્યકમ્ પર કથા કરશે.

● આજે શ્રાવણી પૂનમ હોવાથી પ્રસિદ્ધ વૈજનાથ મહાદેવ વાસણ ખાતે શિવભક્તોની ભારે ભીડ રહેવા પામી હતી.

● પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ તલાટી કમ મંત્રીની પરીક્ષાનું પરિણામ આગામી સપ્તાહમાં જાહેર થાય તેવી શક્યતાઓ છે.

● જિલ્લા પંચાયતમાં રાષ્ટ્રીય બાલ સુરક્ષા અંતર્ગત ૧૨ તબીબોની નિમણૂક કરવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૪થી સપ્ટેમ્બરે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૪થી સપ્ટેમ્બરના રોજ બપોરે બે વાગે મળશે. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન હરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ સામાન્યસભા આ પંચાયતની આખરી હશે. જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે અને આ સામાન્ય સભા પર્વોના સમયમાં યોજાઈ રહી છે જેથી બહુ રાજકીય ઉત્તેજનાઓ પણ જોવા મળતી નથી.

આ સામાન્ય સભા એ ખાસ સામાન્ય સભા હોવાથી ગઈકાલે સાંજે તેનો વિધિવત્ એજન્ડા જારી કરી દેવામાં આવ્યો છે. ખાસ સામાન્યસભા ૬ દિવસના સમયમાં બોલાવવાની જોગવાઈ પંચાયત અધિનિયમમાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આ સામાન્ય સભામાં જુદી જુદી સમિતિઓની મળેલ બેઠકમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા ઉપરાંત અમલવારીની સમીક્ષા હાથ ધરાશે. આ ઉપરાંત કેટલીક વહીવટીય બાબતોનો પણ એજન્ડામાં સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ ખાસ સામાન્ય સભા હોવાથી તેમાં સભ્યો દ્વારા પ્રશ્નો રજુ થશે નહિ. માત્ર એજન્ડા પરની જ કાર્યવાહી થશે. ખાસ સામાન્ય સભા હોવાથી બન્ને પક્ષો પણ કોઈ ખાસ રણનીતિ સભાને લઈ તે માટે કરવાના મૂડમાં હોય તેમ જણાતુ નથી.

# સપ્ટેમ્બરના અંત સુધીમાં મહેસૂલી તલાટીની ૨૪૦૦ જગ્યાની જાહેરાત આવશે

ગાંધીનગર, તા. ૨૯

આગામી સપ્ટેમ્બર માસના અંત સુધીમાં ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા ૨૪૦૦ રેવન્યુ તલાટીની પરીક્ષાની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમ ગૌણ સેવાના સૂત્રો પાસેથી માહિતી મળી હતી.

રાજ્ય સરકારની વિવિધ કચેરીમાં ખાલી પડેલ વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે કેલેન્ડર વર્ષ મુજબ પરીક્ષા યોજવામાં આવે છે. ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા વિવિધ જિલ્લામાં રેવન્યુ તલાટીની ભરતી માટે કુલ ૧૫૦૦ જગ્યાની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી અને નિયમ મુજબ ૧૬મી ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ રેવન્યુ તલાટીની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી.

પરંતુ પરીક્ષાના એક દિવસ અગાઉ જ પોલીસે રેવન્યુ તલાટીનું મોટુ કૌભાંડ પકડી પાડ્યુ હતુ. બસ ત્યારથી વિવાદો વચ્ચે સપડાયેલ મહેસૂલી તલાટીની આખી પરીક્ષા જ જડમૂળથી થોડા સમય અગાઉ સરકારે રદ કરવાનો નિર્ણય કરી પરીક્ષા રદ કરી દિધી હતી અને કુલ ૧૫૦૦ જગ્યાઓને વર્ષ-૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં ઉમેરી દેવામાં આવી હતી. આથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૧૪ની ૧૫૦૦ અને વર્ષ-૨૦૧૫ની ૯૦૦ મળી કુલ ૨૪૦૦ જગ્યાઓ માટેની જાહેરાત આગામી સપ્ટેમ્બરના અંત સુધી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની પરીક્ષા સંભવિત ૪ માસ પછી લેવામાં આવશે. આ પરીક્ષામાં હવે કમ્પ્યુટરની પ્રેક્ટીકલ પરીક્ષા લેવા અંગેનો પણ નિર્ણય ઉચ્ચકક્ષાએ લેવામાં આવ્યો હતો.

# રક્ષાબંધન પર્વે નગરમાં વાહનોનો ધમધમાટ રહ્યો

ગાંધીનગર, તા. ૨૯

રક્ષાબંધનના પવિત્ર પર્વે બહેનો વહેલી સવારથી જ પોતાના ભાઈને રાખડી બાંધી ભાઈના લાંબા ઉત્તમ આયુષ્ય માટે કામના કરતી હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ આજે ભાઈ બહેનના આ અનોખા પર્વે ભારે અવરજવર અને ચહલપહલ જોવા મળી હતી. રાખડી બાંધવાના ઉત્સાહમાં વહેલી સવારથી જ નગરના માર્ગોપર વાહનોનો ધમધમાટ શરૂ થઈ ગયો હતો. નગરમાં તેમજ આસપાસના વિસ્તારમાં રાખડી બાંધવા પોતાના ભાઈના ઘરે જતી બહેનો પરિવાર સાથે ખાનગી વાહનોમાં અને સરકારી બસોમાં જોવા મળી હતી. ભાઈ બહેનના આ પર્વે ટ્રાફીક પોલીસે પણ ટ્રાફીક નિયમોનો ભંગ કરનાર બહેનના પતિને પણ બક્ષી દીધા હતા.

રાજ્યભરમાં આજે ભારે હર્ષોલ્લાસપૂર્વક ભાઈ અને બહેનના પવિત્ર બંધન રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. પાટનગરમાં પણ બહેનોએ વહેલી સવારથી જ પોતાના ભાઈના ઘરે જઈ કાંડે રાખડી બાંધીને ભાઈ પ્રગતિના સોપાનો સર કરવા સહિત સુખ-શાંતિની બહેન દ્વારા ભગવાનને પ્રાર્થના કરવામાં આવી હતી. શહેરમાં રક્ષાબંધન પર્વે વહેલી સવારથી જ નગરના માર્ગો પર સામાન્ય દિવસ કરતા વાહનોની વિશેષ અવરજવર અને લોકોની પણ વધુ ચહલપહલ જોવા મળી હતી. જ્યારે બહારગામ જતા અથવા બહારગામથી ગાંધીનગર શહેરમાં આવતા મુસાફરોની પણ સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. જ્યારે કેટલાક સ્થળો માટેની બસો ઉપલબ્ધ ના હોવાથી સ્થાનિકોએ નજીકના વિસ્તારમાં અવરજવર માટે રીક્ષા અને જીપ જેવા શટલ વાહનોનું ના છૂટકે ઉપયોગ કરવો પડ્યો હતો. વાહનોના અવરજવરના પગલે શહેરના પેટ્રોલપંપો પર પણ પેટ્રોલ ભરાવવા લાંબી કતારો જોવા મળી હતી. તેમજ રક્ષાબંધનના રજાના માહોલમાં શહેરના ખાણીપીણી બજારો, મોલ, થિયેટરો, મંદિરો, બગીચા વગેરેમાં પણ સવિશેષ લોકોની ચહલપહલ જોવા મળી હતી. છેલ્લા ચાર દિવસથી સોશિયલ મીડિયા પર સંપૂર્ણપણે બ્રેક લાગી જતા લોકોએ આજે આખો દિવસ ઘરની બહાર જ સમય વિતાવ્યો હતો. પરિણામે માર્ગો પર લોકોની સંખ્યા વધુ જોવા મળી હતી.

સુરક્ષિત પાક ઉગાવો

જંતુનાશકોનો પ્રયોગ



● યોગ્ય પાક પર
● યોગ્ય કિટાણુઓ પર
● યોગ્ય સમયે
● યોગ્ય માત્રામાં
● યોગ્ય રીતે અપનાવીને કરો.



પ્રયોગ કરતા પહેલા જંતુનાશક દવાઓના ડબ્બા પર આપેલી સુચનાઓનું પાલન કરો

ભારત સરકાર, કૃષિ મંત્રાલય, કૃષિ અને સહકાર વિભાગ

વનસંપત્તિ સંરક્ષણ, પાક રોગ નિયંત્રક અને સંગ્રહ નિયામકની કચેરી

ફોન નં. ૦૧૨૯-૨૪૧૩૯૮૫

davp 01101/13/0007/1516